૪૭. **87 A** અને **87 B** મુજબ વિદ્યાર્થીઓને ગ્રેસીગનો લાભ મળવા પાત્ર થાય છે એ નિયમોમાં સુધારા વધારા કરવા માટે ઓનલાઈન મીટીગનુ આયોજન આજ રોજ તા ૦૪–૦૨–૨૦૨૨ સમય બપોરે ૦૩:૦૦ કલાકે કરવામાં આવેલ હતુ, જેમાં આ સાથે સામેલ અહેવાલ રજુ કરેલ છે જે એકેડેમીક કાઉન્સીલમાં રજુ કરેલ હતી જેમાં નીચે મુજબ ઠરાવેલ છે.

**એકેડેમિક કાઉન્સિલ તા.૦૫–૦૨–૨૦૨૨ ઠરાવ ક્રમાંક : ૬૩**

:: આથી ઠરાવવામાં આવે છે કે 87-A અને 87-B મુજબ વિદ્યાર્થીઓને ગ્રેસીગનો લાભ મળવાપાત્ર થાય છે એ નિયમોમાં સુધારા વધારા કરવા માટે ઓનલાઈન તા.૦૪–૦૨–૨૦૨૨ની સમિતિનો અહેવાલ સંદર્ભે 87 A અને 87 Bને બદલે સુધારા સાથે સ્વીકારેલ નવો નિયમ 87 આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં એવા કિસ્સાઓમાં જયાં આ બાબતમાં એપેક્ષ બોડીના નિયમો લાગુ પડતા હોય ત્યાં પ્રવર્તમાન નિયમ મુજબ જ ગ્રેસીગનો લાભ મળવા પાત્ર થશે.

ઉપરોકત એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત
(પરીક્ષા (સાયન્સ) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ તા.૦૫–૦૨–૨૦૨૨ના ઠરાવ ક્રમાંક : ૬૩થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત સ્વીકાર કરી તા.૧૦–૦૨–૨૦૨૨ અને ત્યારબાદ યોજાનારી તમામ પરીક્ષાઓ માટે તાકીદે અમલ કરવો.**

૬૩. 87 A અને 87 B મુજબ વિદ્યાર્થીઓને ગ્રેસીંગનો લાભ મળવા પાત્ર થાય છે એ નિયમોમાં સુધારા વધારા કરવા માટે ઓનલાઈન મીટીંગનું આયોજન આજ રોજ તા.૦૪–૦૨–૨૦૨૨ સમય બપોરે ૦૩:૦૦ કલાકે કરવામાં આવેલ હતુ, જેમાં આ સાથે અહેવાલ રજૂ કરેલ છે જે આગામી એકેડેમિક કાઉન્સિલમાં રજુ કરવા સમિતિ ભલામણ કરેલ છે. જે અંગે યોગ્ય વિચારણા કરવા.

(પરીક્ષા વિભાગ,/સાયન્સ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** 87 A અને 87 B મુજબ વિદ્યાર્થીઓને ગ્રેસીંગનો લાભ મળવા પાત્ર થાય છે એ નિયમોમાં સુધારા વધારા કરવા માટે ઓનલાઈન તા.૦૪–૦૨–૨૦૨૨ ની સમિતિનો અહેવાલ સદર્ભે 87 A અને 87 B ને બદલે સુધારા સાથે સ્વીકારેલ નવો નિયમ 87 આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં એવા કિસ્સાઓમાં જ્યાં આ બાબતમાં એપેક્ષ બોડીના નિયમો લાગુ પડતા હોય ત્યાં પ્રવર્તમાન નિયમ મુજબ જ ગ્રેસીંગનો લાભ મળવા પાત્ર થશે.

( પરિશિષ્ટ– અ)

Annexure – A

## Academic Council Dtd.05/02/2022 Resolution No. 63

**Instruction No: 87**

**Gracing Rule:**

In the results in any head of the University external examination; maximum up to 5% of total marks for that head should be granted as grace to all such students who failed to secure minimum passing marks for that particular head and short in range of 5% to achieve minimum marks for passing for that particular individual head. This shall be applicable in only those cases where the minimum required marks for passing for that particular head can be achieved after gracing. The limit of grace marks given in any individual case should not be more than the marks required to attain the minimum passing marks for that individual head within the limit of 5% of maximum marks for the head. In the cases where marks achieved for any individual head is in fraction less than 0.5 shall be ignored and rounded off to the lower closest integer value and a fraction above or equal to 0.5 shall be considered as upper closest integer value before considering it for grace. This grace marks will be executed by the exam section through the computer system only.

| | | | | |
|---|---|---|---|---|
| અ ૧૪૮ | કોઇ ઉમેદવારના ગુણનો સરવાળો પ્રથમ અથવા બીજા અથવા વિશેષ યોગ્યતા માટે આવશ્યક સરવાળામાંથી ૧ અથવા ૨ અથવા ૩ ગુણ જેટલો ઓછો હોય તો તેને જેટલા ગુણથી સરવાળો ઓછો હોય એટલા જરુરી ગુણ આપવામાં આવશે અને તે પ્રથમ અથવા બીજા વર્ગમાં અથવા વિશેષ યોગ્યતા સાથે જે લાગુ પડતુ હોય તે પાસ કર્યાનું જાહેર કરવામાં આવશે,<br>આમ છતાં વધુમાં ઉમેદવારના કેસમાં કે જેમણે રાષ્ટ્રીય પુખ્ત શિક્ષણ તાલીમમાં શૈક્ષણિક વર્ષ દરમ્યાન કે જેમાં તે યુનિવર્સિટીની પરીક્ષામાં હાજર થયા હોય અને તેનું પ્રમાણપત્ર રજુ કરે, તો વધારાના ગુણ મહત્તમ ૩ ને આધીન આપવામાં આવશે જો તેમના ગુણનો સરવાળો જરુરી ગુણના સરવાળા કરતા બીજો વર્ગ મેળવવા માટે ઓછો હોય. આવા વધારાના ગુણ પ્રથમ વર્ગ, વિશેષ યોગ્યતા માટે આપવામાં આવશે નહીં<br>આમ છતાં, જોકે જ્યારે યુનિવર્સિટી પરીક્ષામાં ઉમેદવારને ચોક્કસ ટકાવારી ગુણ મેળવવા જરુરી હોય અલગથી બહારના મૂલ્યાંકન માટે અને બધા વિષયનો કુલ સરવાળો અથવા બહારના અને અને આંતરીક મૂલ્યાંકન કે જે અળાગથી કરવામાં આવે જરુરી ૧, ૨ અને ૩ ગુણ કે જેનાથી તેનો સરવાળો ઓછો થતો હોય તેને દરેક આવા સરવાળામાં હમેશા તે જોગવાઇને આધીન ઉમેરવામાં આવશે કે કુલ ગુણ સંખ્યા કે જે બન્ને સરવાળામાં ઉમેરવામાં આવે તે ૩ કરતા વધારે હોવી જોઇશે નહીં. આવા ઉમેદવારને પણ પ્રથમ, બીજા અથવા વિશેષ યોગ્યતા સાથે પાસ થયેલા જાહેર કરવાના રહેશે જે લાગુ પડતુ હોય તે. | | | |
| અ ૧૪૯<br>૧ | પ્રવેશ પરીક્ષા સિવાયની યુનિવર્સિટી પરીક્ષામાં જ્યારે ઇજનેરી વિદ્યાશાખામાં લેવાતી વિભાગીય પરીક્ષાઓ સહીત ઉમેદવાર કોઇ એક સદરમાં, પેટા સદર અથવા સંયુક્ત સદરમાં નાપાસ થાય અથવા કુલ સરવાળામાં ફક્ત, તે તે સદરમાં એની નિષ્ફળતા નીચે જણાવ્યા પ્રમાણે માફ કરવામાં આવશે. | | | |
| | જ્યાં પાસ થવા માટેનું સદર નીચે પ્રમાણેના માર્કનું બનેલું હોય | મહત્તમ માર્કસ માફી માટે એનસીસી કેડેટ સિવાયના ઉમેદવારોના કિસ્સામાં અથવા ઉમેદવાર કે જેમણે ભાગ લીધોહોય | મહત્તમ માર્કસ માફી માટે જો ઉમેદવાર એનસીસી કેડેટ હોય અથવા તેમને વિશિષ્ટ એવોર્ડ અથવા રોકડ ઇનામ મળેલ હોય | મહત્તમ માર્કસ જો તેણે રાષ્ટ્રીય પુખ્ત તાલીમમાં ભાગ શૈક્ષણિક વર્ષ દરમ્યાન લીધેલ હોય |
| | નેશનલ એડલ્ટ શિક્ષણ તાલીમ | બેસ્ટ ઇનામ માતે | કે જેમાં તે ઉત્તમ એનએસએસ કેડેટ | પરીક્ષા અને તેનું પ્રમાણપત્ર રજુ કરે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તરીકે અથવા વિશિષ્ટ ગુણ પ્રમાણપત્ર યુનીવર્સીટી સ્તરે મેળવેલ હોય શૈક્ષણિક વર્ષ દરમ્યાન કે જેમાં તેમણે પરીક્ષા આપેલ હોય. | |

| | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| | ૧.૧૦૦ કરતા ઓછા<br>૨.૧૦૦માર્કસ<br>૩.૧૦૦માર્કસ કરતા વધારે પરંતુ ૨૦૦ માર્કસ કરતા વધુ નહી.<br>૪.૨૦૦માર્કસ કરતા વધુ | ૨<br>૩<br>૪<br><br>૨ ટકા મહત્તમ ૧૦ માર્કસને આધીન | ૪.૪<br>૫<br>૬<br><br>૩ ટકા મહત્તમ ૧૨ માર્કસને આધીન | ૫<br>૬<br>૭<br><br>૩ ટકા મહત્તમ ૧૩ માર્કસને આધીન |
| નોંધ : | એ. આ લાભ જે નિયમિત હાજરી આપનાર ન હોય તે વિદ્યાર્થીઓને પ્રાપ્ય કરવામાં આવશે નહીં તેઓ સંબંધિત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ કરતી વખતે એનસીસી કેડેટ તરીકે નોંધાયા હોય તો પણ.<br>બી. તેવા ઉમેદવાર કે જે એનસીસી કેડેટમાં નોંધાયેલા હોય અને તેમણે નેશનલ એડલ્ટ એજ્યુકેશન પ્રોગ્રામમાં ભાગ લીધેલ હોય તેઓને ઉપર કોલમ ૪ માં જણાંવ્યા મુજબ મહત્તમ માફીને પાત્ર રહેશે. | | | |
| ૨ | આ અધ્યાદેશ હેઠળ જે વિદ્યાર્થીની નિષ્ફળતા માફ કરવામાં આવી હોય તેબીજા સફળ વિદ્યાર્થીઓની માફક વર્ગ મેળવવાને માટે લાયક ગણાશે નહીં.આમ છતાં વિદ્યાર્થીને અપાયેલ માફી માર્કને વર્ગ મેળવવાની યેગ્યતાના હેતુ માટે ગણવામાં આવશે નહીં આમ છતાં કોઇપણ પરીક્ષામાં જુદાજુદા વિયયોમાં પાસ થવાનું ધોરણ ૫૦ટકા અથવા તેથી વધારે હોય તો ઉપર નિર્દેશલી માફી સુધીના ગુણ પાસ થવા માટેના બે કરતા વધારે નહીં હોય તો તેટલા સદર માટે આપવામાં આવશે દરેક સદર તે વિષય અથવા વિષયોમાં પાસ થવાના અથવા મુકિત મેળવવાના હેતુ માતે જુદા વિશય હેઠળનું હોવું જોઇએ અને આમ છતાં ઇજનેરી વિદ્યાશાખામાં જેમાં એન્જીનીયરીંગ સામેલ છે એવી પરીક્ષાઓમાં જો ઉમેદવાર બે સદરો કરતા વધારે સદરોમાં નાપાસ ન થતો હોય તો એને ઉપર કરેલી જોગવાઇ અનુસાર માફી આપવામાં આવશે. | | | |
| અ ૧૫૦ | જ્યારે ઉમેદવાર પ્રવેશ પરીક્ષા સિવાયની યુનિવર્સિટી પરીક્ષામાં જેમાં સત્ર પરીક્ષા સત્ર સીસ્ટમ હેઠળ સામેલ છે પાસ થવા માટેના એકજ સદરમાં નાપાસ થતો હોય તો પણ પાસ થવા માટેના તે સદરમાં એની નિષ્ફળતા નીચેના ધોરણે માફ કરવામાં આવશે.<br>૧। ઉમેદવારે પાસ થવા માટે આવશ્યક લઘુત્તમ કુલ સરવાળા કરતા મેળવેલા વધારાના પ્રત્યેક એક ટકા માટે એક ગુણ વધારેમાં વધારે ૧૦ ગુણની ઇયત્તાને આધીન રહી ઉમેદવારે નાપાસ થતો હોય તે સદરમાં કૃપાગુણ તરીકે ઉમેરવામાં આવશે | | | |

| | |
|---|---|
| | આમ છતાં ,<br>૧. ઉપર કરેલી જોગવાઇ હેઠળ પ્રાપ્ય કૃપાગુણો ઉપરાંતના વધારાના બે ગુણ સુધી ઉમેદવારને આપી શકાશે જો તે એનસીસી કેડેટમાં નોંધાયેલ હોય અથવા તેના દ્વારા આંતરયુનિવર્સિટી રમતગમતમાં ભાગ લેવામાં આવેલ હોય અથવા રાજ્યને નેશનલ લેવલ સ્પોર્ટસમાં પ્રતિનિધિત્વ કરેલ હોય.<br>૨. વધારાના ૩ માર્ક સુધી કૃપાગુણ ઉમેદવારને આપી શકાશે.<br>૩. ઉપરોક્ત તમામ તે ઉમેદવાર માટે ઉપલબ્ધ છે જો તેમણે સક્રીય ભાગ નેશનલ એડલ્ટ એજ્યુકેશન પ્રોગ્રામમાં અભ્યાસક્રમ કરતી વખતે તે પરીક્ષા માટે અને તે બાબતનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ હોય.<br>નોંધ ઃ ઉપર ૧ અને ૨ મુજબ વધારાના કૃપા ગુણનો લાભ નિયમિત હાજરી પુરાવી ન બેઠેલા હોય એવા વિદ્યાર્થીઓને આપવામાં આવશે નહીં જો તેઓ આ પરીક્ષા માટેનો અભ્યાસ કરતી વખતે એનસીસી કેડેટ તરીકે નોંધાયા ન હોય તો પણ અથવા તેમના દ્વારા આંતરયુનિવર્સિટી રમતગમતમા ભાગ લેવામાં આવેલ હોય અથવા રાજ્યને નેશનલ લેવલ સ્પેર્ટસમાં પ્રતિનિધીત્વ કરેલ હોય.<br>૧। ઉમેદવાર કે જેને એનસીસી કેડેટમાં નોંધાયેલ હોય અથવા તેના દ્વારા આંતરયુનિવર્સિટી રમતગમતમાં ભાગ લેવામાં આવેલ હોય અથવા રાજ્યને નેશનલ લેવલ સ્પોર્ટસમાં પ્રતિનિધીત્વ કરેલ હોય અને નેશનલ એડલ્ટ એજ્યુકેશન પ્રોગ્રામમાં ભાગ લીધેલ હોય તેઓ વધારાની માફી ઉપર ૨ મુજબ મેળવવા હક્દાર રહેશે.<br>૨। વધારાના ગુણનો આ રીતે લાભ મેળવનાર ઉમેદવાર ઇનામો અથવા યુનિવર્સિટી શિષ્યવૃત્તી મેળવવાને હક્દાર રહેશે નહી.<br>૩। આ રીતે ઉમેરાએલા વધારાના ગુણ કુલ સરવાળા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં<br>૪। આ અદયાદેશ હેઠળ પાસ થતો વિદ્યાર્થી જો વધારાના ગુણ મેળવે તે પહેલાનો એનો સરવાળો એને વર્ગ મેળવવા માટે હક્દાર બનાવતો ન હોય તો વર્ગ માટે એ યોગ્ય ગણાશે.<br>૫। આ અધ્યાદેશના હેતુ માટે ૧/૨ ટકા અથવા તેનાથી વધારાનો અપૂર્ણાંક એક તરીકે ગણી લેવામાં આવશે. |
| અ.૧૫૧ | યુનિવર્સિટીની કોઇ પરીક્ષામાં ઇજનેરી અને ટેકનોલોજી વિદ્યાશાખામાં જેમાં સેમીસ્ટર પરીક્ષા સામેલ છે કોઇ ઉમેદવાર એક સદરમાં પાસ થવા માટે આવશ્યક લઘુત્તમ ગુણના ૫૦ટકા થી ઓછા નહીં હોય એટલા ગુણ મેળવી નાપાસ થાય અને છતાં તે ઉમેદવારે બધા પ્રશ્નપત્રોની સાથે ગણતરી કરતા |

| | |
|---|---|
| | મેળવેલા કુલગુણ પાસ થવા માટે આવશ્યક લઘુત્તમ કુલ ગુણથી બધા પ્રશ્નપત્રોના પ્રાપ્ય ગુણના ૧૦ટકા જેટલા વધતા હોય તો તેમની નિષ્ફળતા તે સદરમાં પાસ થવા માટે નીચેના આધારે માફ કરવાની રહેશે.<br>દરેક ૧ ટકા માર્ક માટે કુલ સરવાળામાં કે જે ઉમેદવાર દ્વારા મેળવવામાં આવેલ હોય કે જે મહત્તમ પાસ થવા માટે જરૂરી હોય તે કરતા વધારે હોય, એક માર્ક મહત્તમ ૧૫ માર્કને આધીન વધારે તરીકે એક સદરમાં પાસ થવા માટે ઉમેરવામાં આવશે કે જેમા ઉમેદવાર નાપાસ થયેલ હોય.<br>એ. અધ્યાદેશ ૧૪૯, ૧૫૦ અને ૧૫૧ ના હેતુ માટે જ્યારે ઉમેદવાર એક જ વિષયમાં નાપાસ થાય કે જેના બે સદર પાસ થવા માટે હોય જેમાનો એક અન્યમાં સામેલ હોય, તો માફી દરેક બે સદર માટે ઉપલબ્ધ રહેશે અને માર્કસ કે જે માફી માટે ઉપલબ્ધ રહેશે તેની ગણતરી મોટા સદરના કુલ ગુણોના આધારે અથવા ઉમેદવાર દ્વારા મેળવવામાં આવેલ કુલ સરવાળાના આધારે કરવાની રહેશ જે લાગુ પડતુ હોય તે.<br>જ્યારે અધિનિયમ, પરીક્ષામાં પાસ થવાના ધોરણ નિયત કરતા હોય, ઉમેદવારે પરીક્ષામાં પાસ થવા માટે લઘુત્તમ ગુણો થીઅરી અને પ્રેક્ટીકલમાં વિશિષ્ટ રીતે મેળવવાના રહેશે અને આવી દરેક એક વિષયમાંની થીઅરી અને પ્રેક્ટીકલ પરીક્ષા વિશિષ્ટ વિષય તરીકે આ અધ્યાદેશના હેતુ માટે ગણવામાં આવશે. |
| અ.૧૫૨ | જ્યારે ઉમેદવાર એક વિષયમાં નાપાસ થતો હોય અને માત્ર બીજા એક વિષયમાં ૩ ગુણથી વધારે નહીં હોય એટલા ગુણની ઉણપને કારણે મુક્તિ મેળવવામાં નિષ્ફળ જાય તો એના ગુણ ૧ અથવા ૨ અથવા ૩ જે લાગુ પડતુ હોય તે રીતે વધારવામાં આવશે જેથી એ વિષયમાં એને મુક્તિ મળતા સંબંધિત અધ્યાદેશો હેઠળ છૂટ હોય ત્યાં ઉપલી પરીક્ષા માટે સત્રો રાખવાનો લાભ એને મળી શકે. |